## HOME DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar 19th June, 2014.

**Code of Criminal Procedure, 1973.**

No. GG/48/TTC/102012)/540/V .- In exercise of the powers conferred by clause (s) of section 2 of the Code of Criminal Procedure, 1973 (2 of 1974) in its application to the State of Gujarat, the Government of Gujarat hereby amends the Government Notification, Home Department No. GG /66/PST/102012/540/V, dated the 27th September, 2013, as under:-

In the said notification, in the Schedule, for the existing entry at serial No. 2, the following entries shall be substituted, namely:-

| S.No. | Division /Sub Division | Taluka | Police Station | Police Chowkey(s) | Out-Post | Local Areas/Villages |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| "2 | Navsari | Jalalpor | Jalalpor | - | Maroli Out Post | (1) Mahuvar<br>(2) Maroligam<br>(3) Delwada<br>(4) Simalgam<br>(5) Chhinam<br>(6) Nadod<br>(7) Karakhat<br>(8) Ponsara<br>(9) Kadoli<br>(10) Mirzapur<br>(11) Vadoli<br>(12) Dalki<br>(13) Arsan<br>(14) Parujan<br>(15) Bheenar |
| | | | | | Ubharat Out post | (1) Ubharat<br>(2) Danti<br>(3) Vansi<br>(4) Borsi Machhiwad<br>(5) Dipla<br>(6)Nimlai<br>(7) Magob |
| "2 | Navsari | Jalapor | Jalapor | | Ubharat Out post | (8) Bhatha<br>(9) Parsoli<br>(10) Mangrol |
| | | | | | Matwad out Post | (1) Matwad<br>(2) Abrama<br>(3) Aant<br>(4) Panar<br>(5) Kanera<br>(6) Krushnapur<br>(7) Dandi<br>(8) Samapor<br>(9) Bodali<br>(10) Machhad<br>(11) Karadi<br>(12) Kothmadi |

| S.No. | Division /Sub Division | Taluka | Police Station | Police Chowkey(s) | Out-Post | Local Areas/Villages |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| | | | | Town Beat | | (13) Ethan<br>(14) Pethan<br>(15) Sultanpur<br>(16) Kharasad<br>(17) Kalthan<br>(18) Chijgam<br>(19) Onjal<br>(20) Khambhalav<br>(21) Eru<br>(22) Vedchha (area west of Railway line)<br>(23) Navagam<br>(24) Sagara<br>(25) Tavadi<br>(26) Hansapor<br>(27) Bhutsad<br>(28) Manekpor<br>(29) Alura<br>(30) Saraw<br>(31) Moti Karod<br>(32) Nani Karod<br>(33) Mandir<br>(34) Jalalpor |
| 2A | Navsari | Jalalpor | Vijalpor | Udhyognagar Beat | | (1) Sardar Chowk<br>(2) Ashapuri Society<br>(3) Guj. Housing Col.<br>(4) Maneklal Road Udhyognagar<br>(5) Gautamnagar<br>(6) Jalaram Society Saraswatinagar, Green Park Society, Shivnagar Society.<br>(7) Vijalpor Railway Fatak area. |
| | | | | | | (8) Shivaji Chowk, Shambhajinagar (Area upto Sardar Chowk to Vitthal Mandir Railway) |
| 2A | Navsari | Jalalpor | Vijalpor | Vijalpor Beat | | (1) Bhaktinagar Society<br>(2) Chandanvan Society<br>(3) Kinal Society<br>(4) Vishakha Park<br>(5) Mankodia<br>(6) Nanuvadi, City Garden, Royal Garden, Alkapuri Society, Adarshanagar Society<br>(7) Dhiru Dajini wadi Area, Maruti Ramji Park. |

| S.No. | Division /Sub Division | Taluka | Police Station | Police Chowkey(s) | Out-Post | Local Areas/Villages |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| | | | | | | (8) Ambajinagar, Suryanagar, (Ashapuri Mandir to Suryanagar to Ambawadi East Area). |
| | | | | Ramnagar Beat | | (1) Ambedkarnagar<br>(2) Ramnagar 1-2-3<br>(3) Jayshaktinagar<br>(4) Dhoraji Park<br>(5) Navdurganagar<br>(6) Surabhi Society (Ambedkarnagar to Gandhi fatak) |
| | | | | Gamda Beat | | (1) Mogar<br>(2) Dantej<br>(3) Dambhar<br>(4) Navagam (Chandravasan supa).<br>(5) Vedchha (Railway line east area)". |

By order and in the name of the Governor of Gujarat,

**C. B. BHAGAT,**
Deputy Secretary to Government.

-------------------

## કાયદા વિભાગ

## અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૫મી જૂન, ૨૦૧૪.

**ક્રમાંક : એનટીઆર-૧૦૨૦૧૩-૧૮૬(૮૧૪)-અ.**-- નોટરી અધિનિયમ, ૧૯૫૨ અને તે હેઠળ ઘડેલા નોટરી નિયમો, ૧૯૫૬ અન્વયે શ્રી પટેલ લીનાબેન કાંતીલાલ, એડવોકેટને તા. વિજાપુર, જિ. મહેસાણા માટે નોટરી પબ્લિક તરીકે નોટરી રજિસ્ટ્રેશન નંબર : ૮૫૨/૨૦૦૯ થી નિમણૂક આપવામાં આવેલ છે. પરંતુ તેઓશ્રી સામે નોટરીના વ્યવસાય સંબંધે ગેરવર્તણુંકના આક્ષેપ બાબતે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠાએ તા.૨૧-૪-૨૦૧૦ના ખાનગી પત્રથી પ્રાંતિજ તાલુકાના મોયદશ્રીના બ્લોક નંબર ૧૭૦૧ મોયદ સીમના બ્લોક નં. ૧૭૦૧ પૈકી ૨ ની ૨૦૦-૦૬-૭૪ હે.આરે.ચો.મી. જમીન ગૌચર સદરે ચાલે છે અને આ બ્લોક પૈકી નં.૧ ની ૫-૬૬-૫૬ હે.આરે.ચો.મી.ની જમીન અબ્દુલગફાર મહમદભાઈ, વગેરે ૬ ઈસમોના નામે આવેલ છે, જ્યારે બ્લોક નં.૧૭૦૧ પૈકી ૩ ની જમીન ૬-૦૭-૦૦ ની શ્રી દોલતસિંહ જશવંતસિંહ વગેરે ૯ જણાના નામ આવેલ છે. આ જમીનના કબજેદારોએ ૭/૧૨ માં ચેડા કરી બ્લોક નં.૧૭૦૧ પૈકી ૩ નું ક્ષે. જે ૬-૦૭-૦૦ હે.આર.ચોમી.ને અન્ય જગ્યાએ કાપલી મૂકી બ્લોક નં.૧૭૦૭ પૈકી ૨ ની જમીન કે ગૌચર હેડે ચાલતી હતી તેમાં ગૌચર શબ્દ કમી કરી ૧૭૦૧ પૈકી ૩ માં ૬-૦૭-૦૦ હે.આરે.ચોમી.ના બદલે ૨૦૦-૦૬-૭૦ હે.આરે.ચો.મી. દાખલ કરી મુળ બ્લોક ૧૭૦૧ પૈકી ૩ ના ક્ષેત્રફળનું ગેરકાયદેસરનો ઉતારો ઝેરોક્ષ દ્વારા તૈયાર કરવાનું કાવતરુ રાઠોડ બાબુસિંહ કલ્યાણસિંહ રહે. ગેડ, તા. પ્રાંતિજ તથા પટેલ વિનોદભાઈ માધાભાઈ ઉર્ફે પટેલ મહેશભાઈ માધાએ કરેલ જે કેસમાં રૂા.૧૦૦/- સ્ટેમ્પ પેપર નં.એન.-૧૬૦૯૮૨ તા. ૨૩-૨-૧૦ માં મોજે મોયદ,

તા. પ્રાંતિજ સ.નં.૧૭૦૧ પૈકી ૨ ક્ષે. ૨૦૦-૬-૭૪ નલ વેચાણ કરાર નોટરી રુબરુ થયેલ છે. જેમા નોટરી દ્વારા આટલી મોટી જમીનના વેચાણ બાબતે કોઇ તકેદારી રાખેલ નથી. બાનાખતમાં લખાવી લેનારની સહી નોટરી રૂબરૂ થયેલ નથી. આ બાનાખતમાં સાક્ષી તરીકે સહી કરનાર રમેશબા ડુંગરસંગ તથા રાજુબા ડુંગરસંગ બંને ગુજરી ગયેલ હોવા છતાં નોટરી દ્વારા સાક્ષીઓની સહીઓની ચકાસણી કર્યા વિના બાનાખત નોટોરાઇઝડ થયેલ છે. વળી લખાવી લેનારની પણ સહીઓ લેવામાં આવી નથી. રાજુબા ડુંગરસંગનું મૃત્યુ તા.૧૬-૧૨-૯૧ ના રોજ તથા રમેશબા ડુંગરસંગનું મૃત્યુ લગભગ ૧૫ વર્ષ, પહેલા થયેલ હોવા છતાં ૨૩-૨-૧૦ ના રોજ નોટરી રૂબરૂ નોટરાઇઝડ થયેલ છે. આમ સમગ્ર રીતે નોટરી લીનાબેન કાંતીલાલ પટેલ બાનાખતની કાર્યવાહી કાયદા વિરૂધ્ધની હોઇ તથા પ્રત્યેક સાક્ષીએ સાચી સહી કરેલ છે કે કેમ, તે બાબતે કોઇ બાબતની ચકાસણી કરેલ નથી. જેથી લીનાબેન કાંતીલાલ પટેલ, નોટરીનું લાયસન્સ રદ કરવા જણાવેલ છે.

ફરિયાદીની ફરિયાદના આધારે સામાવાળા નોટરી શ્રી લીનાબેન કાંતીલાલ પટેલ પાસેથી કાયદા વિભાગના તા.૨૪-૦૬-૨૦૧૦ ના પત્રથી ખુલાસો માગવામાં આવેલ છે.અને તેના અનુસંધાને શ્રી લીનાબેન કાંતીલાલ પટેલે તા.૦૮-૦૭-૨૦૧૦થી ફરિયાદીની ફરિયાદ સબબ ખુલાસો/સ્પષ્ટતા મોકલી આપેલ છે.

ફરિયાદીની ફરિયાદ અંગેની ઇન્કવાયરી સબબ નોટરીનો ખુલાસો/સ્પષ્ટતા રજૂ થયા બાદ નોટરી નિયમો, ૧૯૫૬ના નિયમઃ ૧૩(૬) અનુસાર ફરિયાદીની ફરિયાદ સબબ ઇન્કવાયરી કરવાનું પ્રકરણ એપ્રોપ્રીએટ ગવર્મેન્ટે સક્ષમ સત્તાધિકારીને તા.૧૪-૦૬-૨૦૧૧ના રોજ સોંપવાનો હુકમ કરેલ અને ત્યારબાદ સદરહુ ઇન્કવાયરીના કામે ફરિયાદ પક્ષ તથા સામાવાળા નોટરીને જુદી જુદી તારીખોએ હાજર થઇ પુરાવા રજુ કરવા તથા રજુઆત કરવા લેખિતમાં પત્રો લખી જાણ કરવામાં આવેલ છે.

સદરહુ પ્રકરણમાં સરકારશ્રીના આદેશથી કાયદા વિભાગે તા.૦૩-૧૦-૨૦૧૧ ની અધિસૂચનાથી સામાવાળા નોટરી શ્રી લીનાબેન કાંતીલાલ પટેલ, મુ.તા. વિજાપુર, જિ. મહેસાણાને નોટરી તરીકે પ્રેક્ટીસમાંથી ડીબાર કરેલ છે. સદરહુ તા.૦૩-૧૦-૨૦૧૧ની અધિસૂચનાથી નારાજ થઇને સામાવાળા એડવોકેટ એન્ડ નોટરી શ્રી લીનાબેન કાંતીલાલ પટેલે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે. સી.એ. નં.૧૬૭૨૫/૨૦૧૧ દાખલ કરેલી જેનો ચુકાદો તા.૨૦-૦૨-૨૦૧૩ના આપેલ છે. જેમાં કાયદા વિભાગની તા.૦૩-૧૦-૨૦૧૧ની અધિસૂચના રદ કરેલી છે અને નોટરી સામેની ઇન્કવાયરી નવેસરથી સામાવાળા નોટરીને બચાવ કરવાની પૂરતી તક આપીને કરવા માટે નામદાર ગુજરાત હાઇકોર્ટે હુકમ કરેલ છે.

આમ, નોટરી નિયમ ૧૩(૪-એ) મુજબ સામાવાળા નોટરી ને ફરિયાદીની ફરિયાદ તથા તેને આનુષાંગિક કાગળો મોકલી આપીને લેખિત સ્પષ્ટતા કાયદા વિભાગના તા.૦૩-૦૪-૨૦૧૩ના પત્રથી પાઠવતા, જેના જવાબમાં સામાવાળા નોટરીએ લેખિત સ્પષ્ટતા તા.૧૭-૦૪-૨૦૧૩ના રોજ મોકલી આપેલ છે. નોટરીનો લેખિત ખુલાસો ધ્યાને લઇને એપ્રોપ્રીએટ ગવર્મેન્ટે નોટરી નિયમો, ૧૯૫૬ના નિયમ ૧૩(૬) મુજબ સદરહુ પ્રકરણની તપાસ નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમો મુજબ સક્ષમ સત્તાધિકારીને સુપ્રત કરવાનો હુકમ તા. ૦૪-૦૫-૨૦૧૩ના રોજ કરેલ છે.

આમ, નોટરી એન્ડ એડવોકેટ લીનાબેન કાંતીલાલ પટેલે તા.૨૩-૦૨-૨૦૧૦ના રોજ બાનાખત કરનાર વ્યક્તિઓ તે જ છે કે કેમ ? તેની પુરતી ચકાસણી કર્યા વિના અને બાનાખત કરનાર વ્યક્તિઓ પૈકી બે વ્યક્તિઓ બાનાખતની તારીખે અવસાન પામેલ હોવા છતાં તે વ્યક્તિઓની સહીઓ, અંગુઠાના નિશાનનો નોટરાઇઝેશન "Solemenly Affirmed Before Me" કરીને તેઓ સમક્ષ કરેલ છે. અને તેમ કરીને તેઓએ નોટરી કાયદા અને નોટરીના નિયમોની જોગવાઇઓનો ભંગ કરી નોટરી એક્ટની કલમ-૧૦(ડી) મુજબ વ્યવસાયિક ગંભીર ગેરવર્તણૂંક અને ગેરશિસ્ત આચરેલ હોવાથી નોટરીના નિયમ - ૧૯૫૬ના પેટા નિયમ ૧૨ અન્વયે તેઓનું નોટરીનું પ્રેક્ટીસનું સર્ટીફીકેટ રદ કરવાનો અને કાયમી નોટરી તરીકેની પ્રેક્ટીસમાંથી ડીબાર કરવાનો નિર્ણય કરેલ છે. આથી, શ્રી લીનાબેન કાંતીલાલ પટેલનું નોટરી સર્ટીફીકેટ રદ કરીને તેઓને નોટરી તરીકે પ્રેક્ટીસમાંથી ડીબાર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**આઇ. ડી. પટેલ,**